આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **12-11-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## ઝારખંડ વિધાનસભા ચૂંટણી

ઝારખંડ વિધાનસભા ચૂંટણીનાં પ્રથમ તબક્કા માટે તથા 10 રાજ્યોની વિધાનસભાની 33 બેઠકોની પેટાચૂંટણીનાં પ્રચારનો ગઇકાલે અંત આવ્યો છે. આ તબક્કામાં 13 નવેમ્બરે ઝારખંડમાં 43 બેઠકો માટે મતદાન યોજાશે. એનડીએ અને ઇન્ડિ ગઠબંધનનાં સ્ટાર પ્રચારકોએ મતદારોને આકર્ષવા છેલ્લી ઘડીનાં પ્રયત્નો કર્યા હતા. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેરા બુથ સબસે મજબૂત ઝૂંબેશ હેઠળ ઝારંખડમાં ભાજપના કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો.

આ તબક્કામાં ગુજરાતની વાવ અને કેરળની વાયનાડ લોકસભા બેઠકનો સમાવેશ થાય છે. વાયનાડ બેઠક પર કોંગ્રેસનાં મહામંત્રી પ્રિયંકા ગાંધીએ પ્રથમ વાર ઉમેદવારી નોંધાવી છે.

**RNU** અમદાવાદ

---

## PM : વડતાલ મહોત્સવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, સમગ્ર વિશ્વ ભારતીય યુવાનોની ક્ષમતાથી આકર્ષિત છે. તેમણે જણાવ્યું કે, આજે મોટા ભાગનાં વૈશ્વિક નેતાઓ ઇચ્છે છે કે ભારતીય યુવાનો અને કુશળ માનવબળ પોતાનાં દેશમાં કામ કરે.

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ વડતાલ સ્વામીનારાયણ મંદિરના દ્વિ-શતાબ્દી મહોત્સવ પ્રસંગે વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આપણા યુવાનોની વૈશ્વિક માંગ વધી રહી છે. શ્રી મોદીએ વિકસીત ભારત માટે સશક્ત યુવાનોને દેશની સૌથી મોટી તાકાત ગણાવી, આ મુજબ જણાવ્યું.

**RNU અમદાવાદ**

---

## CM : ટેકાના ભાવે ખરીફ પાક

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે હિંમત નગર ખાતેથી ગઇકાલે ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદીનો પ્રારંભ કરાવ્યો હતો. 90 દિવસ સુધી રાજ્યના 160થી વધુ ખરીદ કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળી, સોયાબીન, અડદ અને મગની ખરીદી કરી કરાશે. આ પ્રસંગે સંબોધન કરતા

મુખ્યમંત્રીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ખેડૂતોને સમૃદ્ધ બનાવતી કૃષિ કલ્યાણની અનેક યોજનાઓ શરૂ કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ મળી રહે એ માટે કેન્દ્ર સરકારે પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે. જે અનુસાર વર્ષ 2024 – 25માં મગફળી માટે 6 હજાર, 783 રૂપિયા, મગ માટે 8 હજાર, 682 રૂપિયા, અડદ માટે 7 હજાર 400 રૂપિયા જ્યારે સોયાબિન માટે 4 હજાર, 892 રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો ભાવ જાહેર કર્યો છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------

## ધોરડો : રણોત્સવ પ્રારંભ

ધોરડોના સફેદ રણમાં ઉભી કરાયેલ ટેન્ટસિટી ખાતે કચ્છ રણોત્સવ 2024નો પ્રારંભ થયો છે. પ્રવાસીઓ માટે ગઇકાલથી ટેન્ટ સહિતના ભરતીય તેમજ કચ્છી સંસ્કૃતિને દર્શાવતા આકર્ષણો ખુલ્લા મૂકવામાં આવ્યા છે. જોકે સાંસ્કૃતિક કાર્યક્રમો, હસ્તકલા બજાર સહિતની સુવિધાઓ  પહેલી ડીસેમ્બરથી શરૂ થશે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------

## તુલસી વિવાહ

આજે તુલસી વિવાહ મહોત્સવની ઉજવણીનો આરંભ થાય છે. વિક્રમ સંવતનાં નવા વર્ષની આજે પ્રથમ અગિયારસ દેવ પ્રબોધિની એકાદશી કહેવાય છે.  ભગવાન વિષ્ણુ ચાર માસના શયન પછી આજે જાગૃત થાય છે. દેવ દિવાળી પર્વ સાથે આજથી આરંભાયલ તુલસી વિવાહ મહોત્સવનું ત્રિપુરારી પૂનમનાં સમાપન થાય છે. શુભ કાર્યો માટે આજે શ્રેષ્ઠ મુહૂર્ત ગણાય છે. તમામ દેવ મંદિરોમાં તુલસી વિવાહ મહોત્સવની ઉજવણી થશે.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------

## જુનાગઢ : લીલી પરિક્રમા

જૂનાગઢના ગિરનાર પર્વતની લીલી પરિક્રમા યાત્રાળુઓના ધસારાને લીધે આ વરસે એક દિવસ વહેલી શરૂ કરી દેવામાં આવી છે.

વિધિવત રીતે આજે કારતક સુદ એકાદશીથી શરૂ થનારી લીલી પરિક્રમા માટે બે દિવસ અગાઉથી હજારોની સંખ્યામાં યાત્રાળુઓ આવી પહોંચતા, તંત્ર દ્વારા વિધિવત પરિક્રમા શરૂ થાય તેના માટે એક દિવસ પહેલા જ પરિક્રમાનો ગેટ ખોલવામાં આવ્યો છે. ગઇકાલે વહેલી સવારથી હજારોની સંખ્યામાં પરિક્રમાર્થીઓએ પરિક્રમા શરૂ કરી છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## હવામાન

કારતક માસ શરૂ થઇ ગયો છે તેમ છતાં કચ્છમાં ગરમી ઘટવાનું નામ ન લેતી હોય તેમ મહત્તમ તાપમાન હજુ પણ સામાન્ય કરતાં બેથી ત્રણ ડિગ્રી વધારે રહે છે તો રાત્રે પણ શીતળતાનો અભાવ વર્તાય છે. ગઇકાલે જિલ્લા મથક ભુજમાં ઊંચું તાપમાન 36.7 ડિગ્રી નોંધાયું હતું. જિલ્લામાં ન્યૂનતમ તાપમાન 19થી 25 ડિગ્રી વચ્ચે રહેતાં મોડી રાત્રે સામાન્ય ઠંડક અનુભવાઇ હતી. આગામી ચાર-પાંચ દિવસ મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નહી થાય તેમજ ગરમીનું જોર રહેશે તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું.

**N.P. / જાગૃતિ વકીલ**

---

## કૃષિ : પાક વળતર

સમગ્ર ગુજરાતની સાથે કચ્છ જિલ્લામાં ચોમાસા દરમિયાન ઓગસ્ટ મહિનાને અંતે ભારેથી અતિભારે વરસાદે ખેતરોમાં ધોવાણ કર્યું હતું, જેથી પાકને નુકસાન થયું હતું જેના વળતર માટે . ઓકટોબર માસના અંતે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઉપરથી ઓન લાઈન અરજીઓ મંગાવાઈ હતી, જેમાં કચ્છ જિલ્લામાંથી 52 હજાર 100 અરજીઓ નોંધાઈ છે જેની ચકાસણી બાદ .આગળની કાર્યવાહી હાથ ધરાશે એવું જિલ્લા પંચાયત સ્થિત ખેતીવાડી અધિકારી કે.ઓ . વાઘેલાએ જણાવ્યું હતું.

**N.P. / જાગૃતિ વકીલ**

---

# ગાંધીધામ : આગનો બનાવ

કચ્છ જિલ્લામાં ગાંધીધામ ખાતે ગઇકાલે સાંજે કારના એક વર્કશોપમાં આગ લાગતા 15 કાર સળગી ઉઠી હતી. અગ્નિક્ષમન દળ દ્વારા તાત્કાલિક અસરથી ત્રણેક કલાક સુધી પાણીનો મારો ચાલુ રાખ્યા બાદ આગ કાબૂમાં આવી હતી. આ આગના બનાવમાં રૂ. અઢી કરોડની નુકશાનીનો અંદાજ આંકમાં આવ્યો છે. જોકે, આ બનાવમાં કોઇ જાનહાનિના સમાચાર નથી. કયા કારણોસર આગ લાગી હશે તેની તપાસ પોલીસે હાથ ધરી છે.

**N.P. / જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------